eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 165
October 17, 2008

## સુરત મહાનગરપાલિકા ધ્વારા વરાછા ઝોનમાં સરથાણા ખાતે ૩૬૦ એમ. એલ. ડી. ક્ષમતાના ઈન્ટેક વેલની ખાતમુહૂર્તવિધિ



સુરત મહાનગરપાલિકા ધ્વારા વરાછા ઝોનમાં સરથાણા ખાતે ૩૬૦ એમ. એલ. ડી. ક્ષમતાના ઈન્ટેક વેલની ખાતમુહૂર્તવિધિ તા. ૧૪–૧૦–૨૦૦૮નાં રોજ સવારે ૧૦.૦૦ કલાકે મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખપદે, મા. અધ્યક્ષશ્રી, પાણી સમિતિ, શ્રી અરવિંદભાઈ બી. ગોયાણીના વરદ્હસ્તે સંપન્ન થઈ. આ પ્રસંગે મા. ડે. મેયર શ્રીમતિ કૌશિકાબેન દેસાઈ, મા. અધ્યક્ષ શ્રી, સ્થાયી સમિતિ, શ્રી મુકેશભાઈ દલાલ, મા. નેતાશ્રી, શાસક પક્ષ, ડો. જગદીશભાઈ પટેલ અતિથિવિશેષપદે ઉપસ્થિત રહયા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા કતારગામ ઝોનમાં કતારગામ વોટર વર્કસ ખાતે ૨૬૩ એમ. એલ. ડી. ક્ષમતાના ઈન્ટેક વેલની ખાતમુહૂર્તવિધિ તથા અઠવા ઝોન ખાતે ચોપાટી નજીક અને ઉધના ઝોન ખાતે ખરવરનગર ખાતે ઉદ્યાનોની ઉદ્‌ઘાટનવિધિ



સુરત મહાનગરપાલિકા ધ્વારા કતારગામ ઝોનમાં કતારગામ વોટર વર્કસ ખાતે ૨૬૩ એમ. એલ. ડી. ક્ષમતાના ઈન્ટેક વેલની ખાતમુહૂર્તવિધિ તથા અઠવા ઝોન ખાતે ચોપાટી નજીક અને ઉધના ઝોન ખાતે ખરવરનગર ખાતે ઉદ્યાનોની ઉદ્‌ઘાટનવિધિ તા.૧૫–૧૦–૨૦૦૮ નાં રોજ સવારે મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખપદે, મા. અધ્યક્ષશ્રી, પાણી સમિતિ, શ્રી અરવિંદભાઈ બી. ગોયાણીના તેમજ મા. અધ્યક્ષશ્રી ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિ શ્રીમતિ વીણાબેન જી. જોષીના વરદ્હસ્તે સંપન્ન થઈ. આ પ્રસંગે મા. ડે. મેયર શ્રીમતિ કૌશિકાબેન દેસાઈ, મા. અધ્યક્ષ શ્રી, સ્થાયી સમિતિ, શ્રી મુકેશભાઈ દલાલ, મા. નેતાશ્રી, શાસક પક્ષ, ડો.જગદીશભાઈ પટેલ અતિથિવિશેષ પદે ઉપસ્થિત રહયા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સ્મીમેર હોસ્પિટલની ઓગષ્ટ માસની કામગીરી

સ્મીમેર હોસ્પિટલમાં ઓગષ્ટ માસ દરમ્યાન ૧૪૩૨૩ ઈન્ડોર તથા ૩૯૭૭૨ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૬૨૪ તથા ૪૮૬ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૫૮૫૪ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ઈન્ફર્મેશન કીઓસ્ક (Information Kiosk)



હેતુ :– નાગરિકો પોતે મહાનગપાલિકા અંગેની માહિતી સરળતાથી મેળવી શકે.

ખર્ચ :– (૧) Kiosk હાર્ડવેર :– રૂા.૧ લાખ

(૨) Kiosk સોફટવેર :– મહાનગરપાલિકા ખાતે વિકસાવવામાં આવેલ છે. ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ડ્રેનેજ વિભાગની કામગીરી

સુરત મહાનગરપાલિકામાં ઝોન પ્રથાનું અમલીકરણ થયા બાદ વિવિધ સોસાયટી / ઝુંપડપટ્ટી / વસાહત વિગેરેમાં રસ્તા, પાણી, સ્ટ્રીટ લાઈટ વિગેરે જેવી પ્રાથમિક સુવિધાના કામો જે તે ઝોન મારફતે હાથ ધરવામાં આવે છે. પરંતુ સમગ્ર સુરત શહેર વિસ્તારની વિવિધ સોસાયટી / ઝુંપડપટ્ટી / વસાહત વિગેરેમાં ડ્રેનેજ લાઈન નાંખવાની કામગીરી મધ્યસ્થ ડ્રેનેજ વિભાગ મારફતે કરવામાં આવે છે. જેથી જાહેર જનતાને ડ્રેનેજ લાઈનની સુવિધા મેળવવા માટે જરૂરી અરજી / કાર્યવાહી કરવા માટે મુખ્ય કચેરીએ આવવું પડે છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા વરાછા ઝોનમાં સરથાણા ખાતે ૩૬૦ એમ. એલ. ડી. ક્ષમતાના ઈન્ટેક વેલની ખાતમુહૂર્તવિધિ




સુરત મહાનગરપાલિકા ધ્વારા વરાછા ઝોનમાં સરથાણા ખાતે ૩૬૦ એમ. એલ. ડી. ક્ષમતાના ઈન્ટેક વેલની ખાતમુહૂર્તવિધિ તા. ૧૪–૧૦–૨૦૦૮નાં રોજ સવારે ૧૦.૦૦ કલાકે મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખપદે, મા. અધ્યક્ષશ્રી, પાણી સમિતિ, શ્રી અરવિંદભાઈ બી. ગોયાણીના વરદ્હસ્તે સંપન્ન થઈ. આ પ્રસંગે મા. ડે. મેયર શ્રીમતિ કૌશિકાબેન દેસાઈ, મા. અધ્યક્ષ શ્રી, સ્થાયી સમિતિ, શ્રી મુકેશભાઈ દલાલ, મા. નેતાશ્રી, શાસક પક્ષ, ડો. જગદીશભાઈ પટેલ અતિથિવિશેષપદે ઉપસ્થિત રહયા હતા.

સરથાણા ખાતે ૩૬૦ એમ. એલ. ડી. ક્ષમતાના ઈન્ટેક વેલ એપ્રોચ બ્રીજ સહિતનો પ્રકલ્પ રૂા.૧૫૨૪.૪૦ લાખના ખર્ચે સાકારિત થશે. હાલમાં શહેરના જુના હદ વિસ્તારની અંદાજે ૩૭ લાખ વસ્તીને દૈનિક ૬૦૦ એમ. એલ. ડી. સરેરાશ પાણી પુરવઠો પુરો પાડવામાં આવે છે. સને ૧૯૯૫માં સરેરાશ દૈનિક પાણી પુરવઠો ૧૮૦ એમ. એલ. ડી., સને ૨૦૦૦માં ૪૪૦ એમ. એલ. ડી., સને ૨૦૦૫માં ૫૮૦ એમ. એલ. ડી. સને ૨૦૦૮માં ૬૮૦ એમ. એલ. ડી. સરેરાશ પાણી પુરવઠો પુરો પાડવામાં આવી રહયો છે. પાણી પુરવઠાની ગુણવત્તા જાળવી રાખવા માટે આધુનિક ઉપકરણો વસાવીને ઓન લાઈન મોનીટરીંગ શરૂ કરવામાં આવેલ છે. રોજ અંદાજે ૪૦૦ જેટલા સેમ્પલો લઈ પાણીની ગુણવત્તા જાળવી રાખવા ચાંપતી તકેદારી રાખવામાં આવે છે. રૂા.૧.૮૬ કરોડના ખર્ચે વસાવેલ ડીવીડર મશીનથી તાપી નદી માંથી લીલ જેવી વનસ્પતિઓની સફાઈ કરવામાં આવી રહી છે.

શહેરના જુના વિસ્તાર તથા કતારગામ અને આજુબાજુના વિસ્તારની વસ્તીને સરેરાશ પાણી પુરવઠો વધુ પ્રમાણમાં મળી શકે તે શુભઆશયથી કતારગામ ખાતે ૨૬૩ એમ. એલ. ડી. ક્ષમતાના ઈન્ટેક વેલ એપ્રોચ બ્રીજ સહીત રૂા.૧૧૬૧.૩૨ લાખના ખર્ચે તા.૧૫–૧૦–૨૦૦૮નાં રોજ કતારગામ વોટર વર્કસ ખાતેના પ્રકલ્પની ખાતમુહૂર્તવિધિ હાથ ધરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરના સમાવિષ્ટ વિસ્તારો પૈકી નવા વિસ્તાર માટે પાણી પુરવઠા અંગે વિસ્તૃત આયોજન હેઠળ વેસુ અને પાલ–પાલનપુરમાં અંદાજીત ૩.૫૫ લાખની વસ્તી માટે રૂા.૨૯ કરોડના ખર્ચે ૩ પંપીગ સ્ટેશન અને પાણીનું નેટવર્ક ઉભું કરવામાં આવેલ છે. મોટા વરાછા, ઉત્રાણ, અમરોલી, છાપરાભાઠા, કોસાડ તેમજ વરીયાવની ભાવિ અંદાજીત વસ્તી ૧૦.૪૭ લાખ અંદાજીત જરૂરીયાત ૧૮૮ **MLD** જેના માટે **JnNURM** યોજના હેઠળ રૂા.૧૬૭.૪૩ કરોડનાં કામો મંજુર થયેલ છે. તે પૈકી આશરે ૭૮ કરોડના કામો પ્રગતિ હેઠળ છે. નવા પૂર્વ તથા દક્ષિણ – પૂર્વ તેમજ પશ્ચિમ તથા દક્ષિણ–પશ્ચિમ વિસ્તાર માટે આશરે રૂા.૭૩૬ કરોડનાં **DPR JnNURM** યોજના હેઠળ વિચારધીન છે. સરથાણા, મગોબ, સોનેરી, સીમાડા, પૂણા, ગોડાદરા, ડિંડોલી, ઉન, બમરોલી, વડોદ, જીઆવ વિસ્તારની અંદાજીત ભાવિ વસ્તી – ૨૦.૫૨ લાખ માટે ૩૬૯.૪૯ **MLD** પાણીની અંદાજીત જરૂરીયાત. આભવા, ડુમ્મસ, ભરથાણા–વેસુ, રૂંઢ, ખજોદ, મગદલ્લા, ગવીયર, વાટા, બુડીયા, પાલ, પાલનપુર, વેસુ વિસ્તારની વર્ષ–૨૦૪૧ સુધીની અંદાજીત ભાવિ વસ્તી – ૧૯.૨૬ લાખ માટે પાણીની અંદાજીત જરૂરીયાત – ૩૫૬.૩૧ **MLD** છે.

આ પ્રસંગે વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ,સદસ્યશ્રીઓ, મા.કમિશનરશ્રી, અધિકારીશ્રી/કર્મચારી ગણ તેમજ વિશાળ સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

**TOP**

# સુરત મહાનગરપાલિકા ધ્વારા કતારગામ ઝોનમાં કતારગામ વોટર વર્કસ ખાતે ૨૬૩ એમ. એલ. ડી. ક્ષમતાના ઈન્ટેક વેલની ખાતમુહૂર્તવિધિ તથા અઠવા ઝોન ખાતે ચોપાટી નજીક અને ઉધના ઝોન ખાતે ખરવરનગર ખાતે ઉદ્યાનોની ઉદ્‌ઘાટનવિધિ



સુરત મહાનગરપાલિકા ધ્વારા કતારગામ ઝોનમાં કતારગામ વોટર વર્કસ ખાતે ૨૬૩ એમ. એલ. ડી. ક્ષમતાના ઈન્ટેક વેલની ખાતમુહૂર્તવિધિ તથા અઠવા ઝોન ખાતે ચોપાટી નજીક અને ઉધના ઝોન ખાતે ખરવરનગર ખાતે ઉદ્યાનોની ઉદ્‌ઘાટનવિધિ તા.૧૫–૧૦–૨૦૦૮ નાં રોજ સવારે મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખપદે, મા. અધ્યક્ષશ્રી, પાણી સમિતિ, શ્રી અરવિંદભાઈ બી. ગોયાણીના તેમજ મા. અધ્યક્ષશ્રી ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિ શ્રીમતિ વીણાબેન જી. જોષીના વરદ્‌હસ્તે સંપન્ન થઈ. આ પ્રસંગે મા. ડે. મેયર શ્રીમતિ કૌશિકાબેન દેસાઈ, મા. અધ્યક્ષ શ્રી, સ્થાયી સમિતિ, શ્રી મુકેશભાઈ દલાલ, મા. નેતાશ્રી, શાસક પક્ષ, ડો.જગદીશભાઈ પટેલ અતિથિવિશેષ પદે ઉપસ્થિત રહયા હતા.

કતારગામ વોટર વર્કસ ખાતે ૨૬૩ એમ. એલ. ડી. ક્ષમતાના ઈન્ટેક વેલ એપ્રોચ બ્રીજ સહિતનો પ્રકલ્પ રૂા.૧૧૬૧.૩૨ લાખના ખર્ચે સાકારિત થશે. હાલમાં શહેરના જુના હદ વિસ્તારની અંદાજે ૩૭ લાખ વસ્તીને દૈનિક ૬૦૦ એમ. એલ. ડી. સરેરાશ પાણી પુરવઠો પુરો પાડવામાં આવે છે. સને ૧૯૯૫માં સરેરાશ દૈનિક પાણી પુરવઠો ૧૮૦ એમ. એલ. ડી., સને ૨૦૦૦માં ૪૪૦ એમ. એલ. ડી., સને ૨૦૦૫માં ૫૮૦ એમ. એલ. ડી. સને ૨૦૦૮માં ૬૮૦ એમ. એલ. ડી. સરેરાશ પાણી પુરવઠો પુરો પાડવામાં આવી રહયો છે. પાણી પુરવઠાની ગુણવત્તા જાળવી રાખવા માટે આધુનિક ઉપકરણો વસાવીને ઓન લાઈન મોનીટરીંગ શરૂ કરવામાં આવેલ છે. રોજ અંદાજે ૪૦૦ જેટલા સેમ્પલો લઈ પાણીની ગુણવત્તા જાળવી રાખવા ચાંપતી તકેદારી રાખવામાં આવે છે. રૂા.૧.૮૬ કરોડના ખર્ચે વસાવેલ ડીવીડર મશીનથી તાપી નદી માંથી લીલ જેવી વનસ્પતિઓની સફાઈ કરવામાં આવી રહી છે.



સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરના સમાવિષ્ટ વિસ્તારો પૈકી નવા વિસ્તાર માટે પાણી પુરવઠા અંગે વિસ્તૃત આયોજન હેઠળ વેસુ અને પાલ–પાલનપુરમાં અંદાજીત ૩.૫૫ લાખની વસ્તી માટે રૂા.૨૯ કરોડના ખર્ચે ૩ પંપીગ સ્ટેશન અને પાણીનું નેટવર્ક ઉભું કરવામાં આવેલ છે. મોટા વરાછા, ઉત્રાણ, અમરોલી, છાપરાભાઠા, કોસાડ તેમજ વરીયાવની ભાવિ અંદાજીત વસ્તી ૧૦.૪૭ લાખ અંદાજીત જરૂરીયાત ૧૮૮ **MLD** જેના માટે **JnNURM** યોજના હેઠળ રૂા.૧૬૭.૪૩ કરોડનાં કામો મંજુર થયેલ છે. તે પૈકી આશરે ૭૮ કરોડના કામો પ્રગતિ હેઠળ છે. નવા પૂર્વ તથા દક્ષિણ – પૂર્વ તેમજ પશ્ચિમ તથા દક્ષિણ–પશ્ચિમ વિસ્તાર માટે આશરે રૂા.૭૩૬ કરોડનાં **DPR JnNURM** યોજના હેઠળ વિચારધીન છે. સરથાણા, મગોબ, સોનેરી, સીમાડા, પૂણા, ગોડાદરા, ડિંડોલી, ઉન, બમરોલી, વડોદ, જીઆવ વિસ્તારની અંદાજીત ભાવિ વસ્તી – ૨૦.૫૨ લાખ માટે ૩૬૯.૪૯ **MLD** પાણીની અંદાજીત જરૂરીયાત. આભવા, ડુમ્મસ, ભરથાણા–વેસુ, રૂંઢ, ખજોદ, મગદલ્લા, ગવીયર, વાટા, બુડીયા, પાલ, પાલનપુર, વેસુ વિસ્તારની વર્ષ–૨૦૪૧ સુધીની અંદાજીત ભાવિ વસ્તી – ૧૯.૨૬ લાખ માટે પાણીની અંદાજીત જરૂરીયાત – ૩૫૬.૩૧ **MLD** છે.

**Continue ...**



હાલમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરની સેવામાં ૮૪ બગીચાઓ અભિવૃધ્ધિ કરી રહયા છે. મહાનગરપાલિકા ધ્વારા વરિષ્ઠ નાગરિકો માટે સાત શાંતી કુંજ બાગો, સરથાણા ખાતે ૮૧ એકર વિસ્તારમાં પ્રાણી સંગ્રહાલય, જવાહરલાલ નેહરૂ ઉદ્યાન ખાતે પ્રજાજનોના મનોરંજન માટે સંગીતમય ફુવારો, ૧૫ જેટલા બાગોમાં નગરજનો માટે ફાસ્ટ ફુડની સુવિધા, બાગ બગીચાઓ તથા પ્લાન્ટેશનને પ્રોત્સાહિત કરવા માટે સુમન નર્સરીનો વિકાસ લેકવ્યુ ગાર્ડન અને કાંસાનગર ગાર્ડન ખાતે પ્રજાજનોના મનોરંજન માટે નૌકાવિહારની સગવડ, પર્યાવારણની જાળવણી માટે દર વર્ષે ફલાવર શો અને બાગાયત મેળાનું આયોજન નાના બાળકો માટે ગાંધી બાગ–મહારાણા પ્રતાપ ઉદ્યાન–કતારગામ જી.આઈ.ડી.સી.ખાતે સ્કેટીંગ રીંગનું આયોજન કરવામાં આવ્યુ છે. આમ પ્રાથમિક સુવિધાઓની સાથે પર્યાવરણની જાળવણી માટે પણ સુરત મહાનગરપાલિકા કાર્યરત છે. નજીકના ભવિષ્યમાં ઉધના ઝોનમાં ભેસ્તાન તથા ઉધના કાશીનગર ખાતે, રાંદેર ઝોનમાં ઉગત–ભેંસાણ રોડ પર બોટનીકલ ગાર્ડન, જગદીશચંદ્ર બોઝ ઉદ્યાન ખાતે એકવેરિયમ, અડાજણ વિસ્તારમાં શાંતીકુંજ અને ઉદ્યાન, રાંદેર ખાતે ૨ (બે) ઉદ્યાનો, કતારગામ ઝોનમાં ડભોલી તળાવનુ વિકાસ કામ, સીંગણપોર ખાતે ઉદ્યાન, અઠવા ઝોનમાં ઉમરા તથા અલથાણ ખાતે, વરાછા ઝોનમાં ફુલપાડા–મગોબ ખાતે શાંતીવન અને ઉદ્યાન, સેન્ટ્રલ ઝોન ખાતે રામપુરા વિસ્તારમાં ઉદ્યાન અને લીંબાયત ઝોન ખાતે લીંબાયત વિસ્તારમાં ઉદ્યાનો સાકારિત કરી પ્રજાજનોને અર્પણ કરવામાં આવશે.

આ પ્રસંગે વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ,સદસ્યશ્રીઓ, મા.કમિશનરશ્રી, અધિકારીશ્રી/કર્મચારી ગણ તેમજ વિશાળ સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

TOP

## સ્મીમેર હોસ્પિટલની ઓગષ્ટ માસની કામગીરી

સ્મીમેર હોસ્પિટલમાં ઓગષ્ટ માસ દરમ્યાન ૧૪૩૨૩ ઈન્ડોર તથા ૩૯૭૭૨ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૬૨૪ તથા ૪૮૬ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૫૮૫૪ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી. બી. ના નવા ૪૭૪ અને જુના ૩૨૯ દર્દીઓ સહીત કુલ–૮૦૩ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૮૦૮ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૧૪૪ તથા આંખ વિભાગમાં ૨૪૮૭ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ–૧૨૭૦૧ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## ઈન્ફર્મેશન કીઓસ્ક (Information Kiosk)






હેતુ :— નાગરિકો પોતે મહાનગપાલિકા અંગેની માહિતી સરળતાથી મેળવી શકે.

ખર્ચ :— (૧) **Kiosk** હાર્ડવેર :— રૂા.૧ લાખ

(૨) **Kiosk** સોફટવેર :— મહાનગરપાલિકા ખાતે વિકસાવવામાં આવેલ છે.

**Kiosk ની ઉપયોગીતા :—**

❖ **Kiosk** પરથી મહાનગરપાલિકાને લગતી વિવિધ સેવાઓની સેવાપ્રાપ્તીના સ્થળોની વિગત જેવી કે, ઝોન ઓફિસની કામગીરી, ઝોન ઓફિસના અધિકારીઓના નામ, અને કોન્ટેક નંબર, વોર્ડ ઓફિસની કામગીરી, વોર્ડ ઓફિસના એડ્રેસ અને કોન્ટેક નંબર, લાયબ્રેરી તથા વાંચનાલય, તરણકુંડ, હેલ્થ સેન્ટર, બાગ—બગીચા, ફાયર સ્ટેશન, રસીકરણ કેન્દ્ર, વિગેરેની વિગત મળી શકશે.

❖ નાગરિકોને જન્મ મરણ, લગ્ન નોંધણી કેવી રીતે કરવી તેની માહિતી મળશે. તથા જન્મ મરણ નોંધાયેલ છે કે નહીં તે પણ જાણી શકાશે.

❖ મિલ્કતવેરા, વ્યવસાયવેરા અંગેની વિગત પણ જાણી શકશે.

❖ ચૂંટાયેલા સભ્યો તથા વિવિધ સમિતિઓના સભ્યોની વિગત જાણી શકાશે.

❖ મહાનગરપાલિકાના કોઈપણ કર્મચારીની માહિતી મેળવી શકાશે.

**ભવિષ્યનું આયોજન :—**

❖ શકય તેટલી માહિતીને ગુજરાતી તથા અંગ્રેજીમાં મુકવાનું આયોજન છે.

❖ નાગરિકોને લગતી વિવિધ સેવાઓ જેવી કે, ડ્રેનેજ, પાણી કનેકશન, મંડપ પરમીશન વિગેરે મેળવવા માટેની પ્રોસીજર તથા માહિતી મુકવાનું આયોજન.

TOP

## ડ્રેનેજ વિભાગની કામગીરી

સુરત મહાનગરપાલિકામાં ઝોન પ્રથાનું અમલીકરણ થયા બાદ વિવિધ સોસાયટી / ઝુંપડપટ્ટી / વસાહત વિગેરેમાં રસ્તા, પાણી, સ્ટ્રીટ લાઈટ વિગેરે જેવી પ્રાથમિક સુવિધાના કામો જે તે ઝોન મારફતે હાથ ધરવામાં આવે છે. પરંતુ સમગ્ર સુરત શહેર વિસ્તારની વિવિધ સોસાયટી / ઝુંપડપટ્ટી / વસાહત વિગેરેમાં ડ્રેનેજ લાઈન નાંખવાની કામગીરી મધ્યસ્થ ડ્રેનેજ વિભાગ મારફતે કરવામાં આવે છે. જેથી જાહેર જનતાને ડ્રેનેજ લાઈનની સુવિધા મેળવવા માટે જરૂરી અરજી / કાર્યવાહી કરવા માટે મુખ્ય કચેરીએ આવવું પડે છે. તેમજ આ સુવિધાની વહીવટી મંજુરી માટે જરૂરી અભિપ્રાય મેળવવા જે તે ઝોન કચેરી સાથે પત્ર—વ્યવહાર કરવો પડતો હોય છે. જેમાં પણ સમય વ્યતિત થતો હોવાથી જાહેર જનતાને અગવડતા ન પડે અને ઝડપથી કામગીરી થઈ શકે તે હેતુસર સોસાયટી / વસાહતોમાં લોકફાળાની સ્કીમ હેઠળ, ૬૩/૦૨ હેઠળ તેમજ ઈ.ડબલ્યુ.એસ. કવાર્ટસ વિગેરેમાં ડ્રેનેજ લાઈન નાંખવાની કામગીરીનું પણ વિકેન્દ્રીકરણ કરવાનું અને આ કામગીરી જે તે ઝોન મારફત થાય તેમ નકકી કરવામાં આવેલ છે. તેના અમલીકરણ માટે કચેરી હુકમ કરવામાં આવે છે.

હાલમાં જે કામો ચાલે છે અને અધુરા છે તે કામો ડ્રેનેજ ખાતા મારફત પુર્ણ કરવામાં આવશે. તે સિવાયના અંદાજ લેવલનાં, વર્ક ઓર્ડર લેવલનાં, સ્થળપર હજુ શરૂ ન થયા હોય તેવા તેમજ પ્રાથમિક કક્ષાએ હોય તેવા તમામ લોકફાળાની સ્કીમ હેઠળની સોસાયટીના, ૬૩/૦૨ હેઠળની વસાહતોના તેમજ ઈ.ડબલ્યુ.એસ. કવાર્ટસમાં ડ્રેનેજ લાઈન નાંખવાના કામો હવે પછી જે તે ઝોન મારફત હાથ ધરવામાં આવશે. તેમજ કામને સંલગ્ન આસી.ઈજનેર / જુ,ઈજનેર કક્ષાનો સ્ટાફ ડ્રેનેજ ખાતા તરફથી જે તે ઝોનને ફાળવી આપવામાં આવશે.

TOP